ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૩/૨૦-૨૧/ 4190 તારીખ : 7 DEC 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા,**
મું.ચમારડી,
તા.વલ્લભીપુર,
**જી.ભાવનગર.**
**મો.નં. ૯૮૨૫૫ ૫૨૫૭૦**

કેસ નં.૫૩/૨૦-૨૧

**વિષય : નવું ખેતી વિષયક વિજ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૩/૧૦/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૪/૧૦/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૦-૨૧/૩૫૫૯ તા.૧૬/૧૦/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૦-૨૧/૩૯૫૭ તા.૧૨/૧૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૬/૧૧/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ રવાનાઃ-
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, વલ્લભીપુર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૩/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– ૨૬/૧૧/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી રમેશભાઈ ગણેશભાઈ સુતરીયા** – ( વાદી ના પિતા )

પ્રતિવાદી :– **શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા, મું.ચમારડી, તા.વલ્લભીપુર, જી.ભાવનગર ની નવું ખેતી વિષયક વિજ કનેકશન ન મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૩/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૩/૨૦–૨૧/૩૫૫૯ તા.૧૬/૧૦/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૬/૧૧/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા વતી તેના પિતા શ્રી રમેશભાઈ ગણેશભાઈ સુતરીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**પ્રથમ રજુઆત તા.૧૩/૧૦/૨૦૨૦ :**

હું ચમારડી ગામમાં સર્વે નં–૧૦૪૫ પૈકી ૨૩ જમીન ધરાવુ છું. મેં સદર સર્વે નંબરમાં ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટે રૂા.૨૦૦/– રજી.નં–૩૦૬૨૫૧ તા. ૨૮/૩/૨૦૧૯ ના રોજ વલ્લભીપુર સબ ડિવિઝન માં ભરપાઈ કરેલ છે. તેમજ રૂા. ૩૦૦/– ૨૧૫૭૫૪ એગ્રીમેન્ટના તેમજ રૂા.૬૫૦૦/–, ૨૧૫૭૫૫ તથા રૂા.૧૨૫૩/–, ૨૧૫૭૫૬ થી ભરપાઈ કરેલ છે. તેમજ મેં મારા જમીનના તમામ આધાર પુરાવા આપેલ છે. તેમ છતાં, મને આજદિન સુધી કોઈ કનેકશન આપવામાં આવેલ નથી. તો, મને ખેતીવાડી કનેકશન મળે તેવી મારી ફરીયાદ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**દ્વીતીય રજૂઆત તા.૧૯/૧૦/૨૦૨૦ :**

અમે અમારા સંયુકત પરિવાર ના નામે મું.ચમારડી,તા.વલ્લભીપુર ગામે ખેતીવાડી ની જમીન ખેડ ખાતા નં–૭૭૩ સર્વે નં–૧૦૪૫ પૈકી ૨૩ ની ધરાવીએ છીએ.

આ જમીન ની માલીકી અંગેના આધાર તથા ચર્તુસીમા અંગે તલાટી કમ મંત્રીના દાખલા, ડિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ ઓફીસ, ભાવનગર દ્વારા અમારી જમીન ના ચર્તુસીમા નકકી કરતા, માપણી શીટની નકલ તથા આ જમીન અમારા વડીલોએ જે બહેનો પાસેથી ખરીદ કરવામાં આવેલ છે, તે બહેનોને મૂળ કબજેદાર ના વારસો ના નામ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ સાહેબ, વલ્લભીપુર દ્વારા નકકી કરવામાં આવેલ છે. તેમાં પણ આ જમીન ની ચર્તુસીમા હાલમાં છે, તે મુજબ ની જ દર્શાવવામાં આવેલ છે.

આમ છતાં, ચમારડી ગામના રહીશ શ્રી વિરમદેવસિંહ દ્વારા જગ્યાના કબજા અંગે વાંધા અરજી આપતા,વલ્લભીપુરના પીજીવીસીએલ ના નાયબ ઈજનેરશ્રી દ્વારા ખોટા વાંધા કાઢી, યેનકેન પ્રકારે અમારી જમીનમાં ખેતીવાડી વિજ કનેકશન ઈસ્યુ કરતા નંથી.

વાંધા લેનારે આ ચતુર્સીમા દર્શાવતી જમીન તેઓની હોવા અંગેના કોઈ આધાર પુરાવાઓ રજૂ કરેલ ન હોય, છતાં વિજ કનેકશન ઈસ્યુ કરવામાં આવતું નથી.

તો, ઉપરની વિગતે નામદાર કોર્ટ દ્વારા અમોએ વેંચાણ લીધેલી જમીન ની ચર્તુસીમા ડિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ, ભાવનગર દ્વારા તથા તલાટી કમ મંત્રી, ચમારડી દ્વારા પણ હાલની કબજા મુજબની ચર્તુસીમા નકકી કરી આપેલ હોઈ, વાંધા લેનાર વ્યકિત દ્વારા આ ચતુર્સીમા વાળી જમીન તેઓની માલીકી ની હોવા અંગે કોઈ, કોર્ટ કે સરકારી રેકર્ડ જોડેલ ન હોઈ, અમારી અરજી મંજૂર કરવા વિનંતી.

આ સાથે અમારી જમીન ના ૭/૧૨, ૮–અ, વેચાણ દસ્તાવેજ, નામ.કોર્ટ નો ચતુર્સીમા દર્શાવતો હુકમ, ડિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ દ્વારા નકકી કરી આપવામાં આવેલ ચતુર્સીમા મુજબની માપણી શીટ તથા તલાટી મંત્રી એ આપેલ ચતુર્સીમાનો દાખલો જોડેલ છે.

ઉપર મુજબ અમે આધારો જોડેલ હોઈ, અમારી માંગણી મુજબ વિજ કનેકશન આપવા માટે નાયબ ઈજનેર, વલ્લભીપુર, ને હુકમ કરવા વિનંતી.

☞ **પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,**

સદર બાબતે નાયબ ઈજનેર, વલ્લભીપુર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–વીટીએસડી/ટેક/૫૧૯૩ તા.૧૮/૧૧/૨૦૨૦ થી પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે, તે મુજબ વાદી દ્વારા તા.૨૮/૩/૨૦૧૯ ના રોજ સર્વે નં–૧૦૪૫ પૈકી ૨૩ માં ૭.૫ એચ.પી નું નવું ખેતીવાડી વિજ જોડાણ મેળવવા વલ્લભીપુર પેટા વિભાગીય કચેરીએ અરજી કરેલ હતી. તે અનુસંધાને, વાદીને તા.૨૪/૧૨/૨૦૧૯ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ અને તે અંદાજપત્ર ની રકમ વાદી દ્વારા તા.૪/૧/૨૦૨૦ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૧ વાંધેદાર ની વાંધા અરજી તા.૨૭/૬/૨૦૧૯ ને ધ્યાને લઈ, પ્રતિવાદી દ્વારા તલાટી મંત્રીશ્રી, ચમારડી નો સંપર્ક કરતા, તેઓએ તા.૧૩/૧/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી ની કચેરી સદર જમીનમાં કબજા ફેરનો વિવાદ ચાલતો હોય, તેમના દ્વારા અપાયેલ ગામ નમૂના નં-૧૬ ના આધારે વિજ કનેકશન ની કાર્યવાહી ન કરવા અને હાલ સ્થગીત કરવા જણાવેલ. ત્યારબાદ, તા.૧૭/૨/૨૦૨૦ ના રોજ વાદી દ્વારા જરૂરી આધાર પુરાવા રજૂ કરેલ. તા.૧૯/૨/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી દ્વારા વાંધેદાર શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ, મું.દરબારગઢ, ગામ-ચમારડી, તા.વલ્લભીપુર,જી.ભાવનગર ને પત્ર દ્વારા સદર રેવન્યુ સર્વે નં-૧૦૪૫ પૈકી ૨૩ માં તેમની માલીકી સાબિત કરવા માટે જરૂરી આધાર પુરાવા રજૂ કરવા જણાવેલ.

૨.૨ તા.૨૪/૨/૨૦૨૦ ના રોજ વાદી દ્વારા કોર્ટમાં કરેલ કેવીએટ રજૂ કરેલ અને તા.૨૭/૨/૨૦૨૦ ના રોજ વાંધેદાર શ્રી દ્વારા અન્ય પુરાવાઓ રજૂ કરેલ.

૨.૩ તા.૨૧/૩/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીની કચેરી દ્વારા સદર કેસ ને D.M રીફર કરેલ ત્યારબાદ, તા.૨૭/૩/૨૦૨૦ ના રોજ મામલતદારશ્રી, વલ્લભીપુર ના પત્રથી સદર કેસને તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ માં લેવા માટે જણાવેલ.

૨.૪ તા.૧૪/૭/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીની કચેરીના આવક પત્ર નં-૬૫૮ થી D.M રીફર કરેલ કેસ નો જવાબ મળેલ, જેમાં જણાવ્યા મુજબ, જમીન કબજા ફેર બાબતનો વિવાદ હોઈ, નામ.સીવીલ કોર્ટ મારફત દાદ મેળવવાની થતી હોઈ, અરજી પરત મોકલાવેલ.

૨.૫ તા.૧૮/૭/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીની કચેરીના પત્ર નં-૩૦૯૩ દ્વારા વાદીશ્રી તથા વાંધેદારશ્રી ને સદર D.M રીફરના ચુકાદા બાબતે જણાવેલ અને વાંધેદારશ્રી ને નામ.સીવીલ કોર્ટ મારફત સદર વિજ કનેકશન આપવા સામે મનાઈ હુકમ મેળવી રજૂ કરવા જણાવેલ.

૨.૬ તા.૧૩/૮/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીની કચેરીના આવક પત્ર નં-૭૭૩ થી વાંધેદારશ્રીની અરજી મળેલ જેમાં જણાવ્યા મુજબ, તેઓને લેન્ડ રેકર્ડ ઓફીસમાંથી જમીન માપણી શીટ કઢાવવાની બાકી હોય, સદર શીટ મળ્યેથી રજૂ કરશે. ત્યાં સુધી, સદર નવીન વિજ કનેકશન આપવાનું મોકુફ રાખવા અરજ કરેલ.

૨.૭ તા.૧૪/૮/૨૦૨૦ ના રોજ વાદી શ્રી દ્વારા ફરી જરૂરી દસ્તાવેજી પુરાવા તથા માપણી શીટ રજૂ કરેલ.

૨.૮ તા.૨૦/૮/૨૦૨૦ ના રોજ વાંધેદારશ્રી એ પ્રતિવાદીની કચેરી ના આવક પત્ર નં-૮૧૯ થી ફરી વાંધા અરજી રજૂ કરી અને તેની કોપી PGVCL ની વડી કચેરીઓમાં આપી. જેના અનુસંધાને, પ્રતિવાદીની કચેરીએ તા.૩/૯/૨૦૨૦ ના રોજ તેમની વાંધા અરજીનો જવાબ આપતા તેમને ફરી વખત નામ.સીવીલ કોર્ટ મારફત સદર વિજ કનેકશન આપવા સામે મનાઈ હુકમ મેળવી રજૂ કરવા જણાવેલ.

૨.૯ તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ વાંધેદારશ્રી એ પ્રતિવાદી ની કચેરીના આવક પત્ર નં-૧૧૫૯ થી સદર વાંધા અરજી ને લગતા અન્ય પુરાવાઓ રજૂ કરેલ છે.

જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા એ ગામ–ચમારડી,તા.વલ્લભીપુરમાં ખેતીની જમીન સર્વે નં–૧૦૪૫/૨૩ માં તા.૨૮/૩/૨૦૧૯ ના રોજ નવા ખેતીવાડી વિજ જોડાણ માટે પ્રતિવાદીની કચેરીમાં અરજી નોંધણી કરાવેલ. જે સામે પ્રતિવાદી એ વાદીને જરૂરી અંદાજપત્ર આપેલ. જે વાદીએ નવા વિજ જોડાણ માટેનું અંદાજપત્ર તા.૪/૧/૨૦૨૦ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૨ વાદીએ તેના નવા વિજ જોડાણ માટે સર્વે નં–૧૦૪૫/૨૩ ની પોતાની માલીકી અંગેના જરૂરી રેવન્યુ દસ્તાવેજ ૭/૧૨,૮–અ, હકકપત્રક , ચર્તુદીશા, અરજી નોંધણી વખતે આપેલ, જે મુજબ વાદીએ માંગેલ વિજ જોડાણ સર્વે નં–૧૦૪૫/૨૩ તેમની માલીકી નું છે.

૩.૩ વાદીના વિજ જોડાણ સામે ચમારડી ગામના શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ એ પ્રતિવાદી ને વાંધા અરજી આપેલ અને જણાવેલ કે, રેવન્યુ સર્વે નં–૧૦૪૫/૨૩ તેઓની માલીકીની હોઈ, વાદીને વિજ જોડાણ આપવું નહી, તેમજ પ્રતિવાદીની વલ્લભીપુર પેટા વિભાગીય કચેરી ને પત્ર દ્વારા જણાવેલ કે, સર્વે નં–૧૦૪૫/૨૩ નો કબજા ફેર નો વિવાદ ચાલતો હોઈ, વિજ જોડાણ આપવાની કાર્યવાહી સ્થગીત કરવી.

૩.૪ પ્રતિવાદી એ તેઓના ઓફીસ પત્ર નં–૮૨૭ તા.૧૯/૨/૨૦૨૦ ના રોજ વાંધો લેનાર શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ ને સર્વે નં–૧૦૪૫/૨૩ ની તેઓની માલીકી અંગેના કોઈ રેવન્યુ રેકર્ડસ હોઈ તો, દિવસ–૭ માં રજૂ કરવા. પરંતુ, વાંધો લેનાર શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ એ આ માટે કોઈ રેવન્યુ રેકર્ડસ રજૂ કરેલ નથી.

૩.૫ પ્રતિવાદી એ તા.૨૧/૩/૨૦૨૦ ના રોજ વિવાદીત માલીકી માટે ડિસ્ટ્રી.મેજીસ્ટ્રેટ, ભાવનગર ને પત્ર લખી યોગ્ય હુકમ માટે અરજી કરેલ. જે અનુસંધાને, ડિસ્ટ્રી.મેજીસ્ટ્રેટ, ભાવનગર એ જણાવેલ કે, જમીનના કબજા ફેર બાબતે વિવાદ હોઈ, વિજ કનેકશન આપવા માટે રૂકાવટની બાબત જણાતી નથી.

૩.૬ ડિસ્ટ્રી.મેજીસ્ટ્રેટ,ભાવનગરના હુકમ બાદ પ્રતિવાદી ની કચેરીએ પત્ર નં–૩૦૯૩ તા.૧૮/૭/૨૦૨૦ થી જણાવેલ કે, જો તેઓને સર્વે નં–૧૦૪૫/૨૩ ના કબજા માટે, કોઈ વાંધો જણાતો હોય તો, સીવીલ કોર્ટ મારફત મનાઈ હુકમ મેળવવો. અન્યથા, વાદી ની નવી વિજ જોડાણ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પરંતુ, વાંધો લેનાર શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ તરફથી કોઈપણ પ્રકારના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નહી, તેમજ વિજ જોડાણ ન આપવા માટે પણ કોઈ મનાઈ હુકમ નથી.

ance Redressal
P.G.V.C.L.
Bhavnagar

૩.૭ તા.૧૯/૮/૨૦૨૦ ના રોજ શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ એ પ્રતિવાદી ની કચેરીમાં ફરીથી વાંધા અરજી આપેલ અને વાદી અરજદારને કનેકશન આપવા સામે વાંધો લીધેલ. પરંતુ, કોઈ રેવન્યુ દસ્તાવેજો રજૂ કરેલ નહી કે જેથી, વાદી અરજદારની જમીનની માલીકી અને કબજો નથી, તેવું સાબિત થાય.

૩.૮ ઉપર મુજબ ના દસ્તાવેજી પુરાવાઓ તેમજ અવલોકન પરથી તેવું તારણ કાઢવામાં આવે છે કે, વાંધો લેનાર શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ સર્વે નં–૧૦૪૫/૨૩ ની પોતાની માલીકી કે કબજો અંગેના કોઈપણ રેવન્યુ દસ્તાવેજ પ્રતિવાદી ની કચેરીમાં રજૂ કરેલ નથી અને વારંવાર લેખિત વાંધાઓ પુરાવાઓ વગર પ્રતિવાદી ની કચેરી માં આપેલ છે. જયારે, રજૂ થયેલ રેવન્યુ રેકર્ડસ પરથી સ્પષ્ટ જણાંય છે કે, સર્વે નં–૧૦૪૫/૨૩ ની માલીકી શ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા ની હોઈ, પ્રતિવાદી એ વાદીને વિજ જોડાણ આપવું.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| **(શ્રીમતી જે.એમ.મેહતા)**<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | **(પી. એન. અજાડીયા)**<br>**ટેકનીકલ સભ્યશ્રી** | **(એમ. આર.વજરીયા)**<br>**અધ્યક્ષશ્રી,**<br>**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**<br>**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– <u>૨૬/૧૧/૨૦૨૦.</u>

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar